# બગીચાઓમાં બિભત્સ વર્તન કરતા પ્રેમી પંખીડા સામે પોલીસની લાલ આંખ

## બાગ-બગીચાઓ અને હરવા-ફરવાની જગ્યાઓ પર વોર્નિંગ બોર્ડ મુકાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના વિવિધ બાગ-બગીચાઓ પર પ્રેમી પંખીડાઓ દ્વારા કરવામાં આવતા બિભત્સ વર્તન કરવામાં આવતુ હોવાથી શહેરીજનો તથા વડીલોને આ બગીચાઓમાંથી પસાર થવામાં પણ સંકોચ અનુભવાય તેવી સ્થિતિ ઉદ્‌ભવે છે. જેને પગલે હવે બાગ-બગીચાઓમાં બિભત્સ વર્તન કરતાં પ્રેમી પંખીડાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. અને આવા કોઈ યુવક-યુવતિઓ પકડાશે તો તેની સામે ગુનો દાખલ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર પોલીસ અધિક્ષકની સુચનાથી જિલ્લા પોલીસની વિવિધ ટીમો હવે શહેરના વિવિધ બાગ-બગીચાઓ પર પણ વોચ રાખશે. વડીલો તથા પરિવાર સાથે નિકળેલા નાગરીકોને શરમાવી મુકે તેવી બિભત્સ હરકતો બાગ-બગીચાઓમાં પ્રેમી પંખીડાઓ બિન્દાસપણે કરતાં હોવાથી નગરજનો આ બાગ બગીચાઓમાં હરી-ફરી પણ શકતાં નથી અને સંકોચ અનુભવે છે. ફરીયાદોને ધ્યાને લઈ હવે પોલીસ બાગ-બગીચાઓ અને હરવા-ફરવાના સ્થળોએ આ બાબતે વોર્નીંગ બોર્ડ પણ મુકશે તેમ છતાં કોઈ પ્રેમી પંખીડા વિભત્સ વર્તન કરતાં દેખાશે તો તેમના સામે કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલા લેવામાં આવશે તેમ જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું છે.

# રણાસણ રીંગ રોડ પર સ્થિત વિશ્વકર્મા બોડી વર્કસમાં લૂંટારું ત્રાટકયા

## મધરાતે ૬ થી ૭ શખ્સોની હથિયારધારી ટોળકીએ બે નોકરોને મારીને રૂમમાં પુરી દીધા ને ટ્રકોમાંથી રૂ. ૫.૪૦ લાખના ટાયરો તથા ત્રણ મોબાઈલો લુંટી ભાગી ગયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક રણાસણ રીંગરોડ પર સ્થિત વિશ્વકર્મા બોડી વર્કસ કે જ્યાં ટ્રકોની બોડી તૈયાર કરાય છે ત્યાં મધરાત્રે હથિયારધારી લુંટારૂ ટોળકી ત્રાટકી હતી અને બે નોકરોને મારીને રૂમમાં પુરી દીધા બાદ વર્કસમાં પડેલી બે નવી ટ્રકોમાંથી મળીને ૧૮ નંગ કિ. રૂ. ૫,૪૦ લાખના ટાયરો તથા ત્રણ મોબાઈલોની લુંટ ચલાવી આ ગેંગ રફુચક્કર થઈ ગઈ હતી. ડભોડા પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ રણાસણ રીંગ રોડ પાસે સ્થિત વિશ્વકર્મા બોડી વર્કસમાં ગઈ રાત્રે ત્રાટકેલા હથિયારધારી છ થી સાત લુંટારૂ શખ્સોએ વર્કસમાં સુતેલા બે નોકરોને લાકડીઓ મારીને ઉઠાડી એક રૂમમાં બંનેને પુરી દીધા હતા. ત્યાર બાદ વર્કસમાં પડેલી બે નવી ટ્રકોના પ્લેટ સાથેના ટાયરો નીકાળી દીધા હતા. એક ટ્રકમાંથી ૮ અને બીજા ટ્રકમાંથી ૧૦ ટાયરો મળીને કુલ ૧૮ નંગ ટાયરો ખોલીને કિં. રૂ. ૫.૪૦ લાખના ટાયરો તથા રૂ. ૫ હજારની કિંમતના ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૫.૪૫ લાખની મત્તાની લુંટ ચલાવી ટોળકી ભાગી ગઈ હતી. આ બનાવ અંગે ડભોડા પોલીસો જયપ્રકાશ શ્રી હનુમાનપ્રસાદ જાંગીરની ફરીયાદને આધારે લુંટનો ગુનો નોંધી પીએસઆઈ પી.જે. સોલંકીએ વધુ તપાસ શરૂ કરી છે.



સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે આર.એફ.આઈ.ડી. (રેડિયો ફિકવન્સી આઈડેન્ટીફિકેશન) સિસ્ટમ દ્વારા ઓટોમેટીક સેલ્ફ બુક્સ ઈસ્યુ-રિટર્ન સિસ્ટમનો ગુજરાત રાજ્યના ગ્રંથાલય નિયામક શ્રી કૌશિક શાહના વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો. જેને જાહેર જનતાના ઉપયોગ અર્થે ખુલ્લુ મુકવામાં આવેલ છે.

# રવિવારે રાંદેસણ-કુડાસણ ટીપી-૫ના રહીશોની મિટીંગ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના ગુડા વિસ્તાર રાંદેસણ અને કુડાસણમાં ટીપી-૫માં સમાવિષ્ટ તમામ રહીશોની વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવા મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિટીંગ તા. ૩જી મે રવિવારે રાત્રે ૯ કલાકે ઉર્જાનગર-૨ ખાતે પાણીની ટાંકીવાળા બગીચામાં યોજવામાં આવી છે.

આ મિટીંગમાં ટીપી-૫ વિસ્તારમાં ગટરલાઈન પાણીની પાઈપલાઈન, સ્ટ્રીટલાઈટ તેમજ રસ્તા વગેરેને લગતા અગત્યના પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચા કરવા યોજવામાં આવી છે. આ મિટીંગમાં રાંદેસણ-કુડાસણ ટીપ-૫ વિસ્તારમાં આવતી તમામ સોસાયટીના પ્રમુખ, ચેરમેન, સેક્રેટરી, કારોબારી સભ્યો તેમજ આ પ્રશ્ને રસ ધરાવતા તમામ રહીશોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## રવિવારે વી કેર ફાઉન્ડેશન દ્વારા રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧

વી કેર ફાઉન્ડેશન દ્વારા શ્રી ઉમિયા માતાજીના પાટોત્સવ પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન તા. ૩જી મે રવિવારે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકે ઉમિયા માતા સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર મુકામે શ્રી ઉમિયા માતાજીના પાટોત્સવ પ્રસંગે 'વી-કેર ફાઉન્ડએશન-ગાંધીનગર' આયોજીત રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે.

આ કેમ્પમાં એકત્રિત રક્ત ગાંધીનગર સિવિલ હોસ્પિટલના દર્દીઓને સહેલાઈથી મળી રહે તેવા ઉમદા હેતુથી કરેલ છે. જેથી દરેક સંસ્થા, હિત-ચિંતકો, સેવાભાવી ભાઈઓ-બહેનોએ સદર રક્તદાન કેમ્પને સફળ બનાવી પુણ્યના ભાગીદાર બનશો તેવી ગાંધીનગરની સુજ્ઞ જનતાને નમ્ર અપીલ છે.

# ગુજરાત વકફ બોર્ડની નવી કચેરીનો પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં તા. ૧૨-૪-૨૦૧૫નાં રોજ સુરત ખાતે યોજાયેલ વકફ સેમિનારમાં ભારત સરકારનાં લઘુમતી મંત્રાલયનાં મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી હાજર રહ્યા હતાં. અને તેઓએ સુરત ખાતે ગુજરાત રાજય વકફ બોર્ડની કચેરી ખોલવા સંબંધે ગુજરાત રાજય વકફ બોર્ડના અધ્યક્ષને જરુરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જે અન્વયે વકફ બોર્ડનાં અધ્યક્ષ એ.આઈ. સૈયદ દ્વારા તા. ૧-૫-૨૦૧૫થી 'શ્રેયામ કોમ્પ્લેક્ષ, ફિરદોસ ટાવરની સામે, ન્યુ કોઝ-વે રોડ, અડાજણ પાટીયા, સુરત' સ્થળે અને દક્ષિણ ગુજરાત માટેની વકફ બોર્ડની કેમ્પ કચેરીનો શુભારંભ કરાઈ રહ્યો છે. હવેથી દર મહિનાનાં પહેલા અને ત્રીજા સોમવાર અને મંગળવારનાં રોજ પૂર્ણ સમય માટે કચેરી સમય દરમિયાન ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર ખાતેની વડી કચેરીનાં બે કર્મચારીઓ સુરત ખાતે કેમ્પ કચેરીમાં ઉપસ્થિત રહેશે. સમગ્ર દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓની વકફ સંસ્થાનાં મુતવલ્લીઓને વિનંતી કે વકફને લગતી કામગીરી જેવી કે કલમ-૩૬ મુજબ નવી નોંધણી, કલમ-૪૨ મુજબ ફેરફાર રીપોર્ટની અરજી, કલમ-૭૨ મુજબ ઓડીટેડ હિસાબો રજુ કરવા વિગેરે જેવી કામગીરી માટે તેઓને છેક ગાંધીનગર ખાતે વડી કચેરી સુધી નહીં જતા ઉપરોકત દિવસોએ કચેરી સમય દરમિયાન ઉપર દર્શાવેલ સ્થળે ગુજરાત રાજય વકફ બોર્ડની કેમ્પ કચેરીનો વધુમાં વધુ લાભ લેવા સર્વેને નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.

## સે-૪માં સમી સાંજે ઘરફોડ ચોરી

ગાંધીનગર, તા.૧

શહેરના સે-૪-એ પ્લોટ નં. ૨૯/૧ ખાતે રહેતા ઓરીલકુમાર ક્રિષ્ણાકુમાર રાણાના મકાનમાં ગઈ સમી સાંજે તસ્કરો ત્રાટકયા હતાં. રસોડાની જાળી ખોલીને અંદર ઘુસીને તસ્કરો રૂ. ૨૧ હજારના દાગીના તથા રૂ. ૨૫૦૦ રોકડા મળીને કુલ રૂ. ૨૩૫૦૦નો મુદ્દામાલ ઉઠાવી ભાગી ગયા હતાં. બનાવની જાણ થતા ઓરીલકુમારે સે-૭ પોલીસ મથકે ફરિયાદ આપતા પીએસઆઈ ગડરીયાએ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

## આજે શેરથામાં શનિદેવ મંદિરે ધ્યાન-મંત્રજાપ-મૌન સાધના યોજાશે

ગાંધીનગર જિલ્લાના શેરથા ગામે માનતાવાળા શનિદેવના મંદિરે તા. ૨જી મે શનિવારે સાંજે ૬ વાગે શનિધ્યાન, શનિમંત્ર જાપ, શનિ મૌન સાધના વગેરેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. શનિદેવને મૌન પસંદ છે માટે શ્રદ્ધાળુઓ મૌન ધારણ કરી તેમને રીઝવવા કોશિષ કરે છે. ધ્યાન ધરવાથી ઘણા લાભ થાય છે. શનિ દેવના મંદિરે યોજાનાર ધ્યાન-મંત્ર જાપ અને મૌન સાધના કાર્યક્રમનો લાભ લેવા તમામ શ્રધ્ધાળુઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જુસિકા દ્વારા પડતર કિંમતે ચોપડાનું વિતરણ

શાળાઓના પરિણામો આવી રહ્યા છે અને વાલીઓ દ્વારા તેમના બાળકો માટે નવા ધોરણ, નવા સત્રની તૈયારીઓ આરંભી દેવાઈ છે. આ તૈયારીઓમાં સૌથી વધુ ખર્ચ નોટબુકો-ચોપડાની ખરીદીમાં થતો હોય છે. ગાંધીનગરની જુનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા ૧૨૪ પાનાના ફુલ સ્કેપના ચોપડા બનાવડાવામાં આવ્યા છે. જેનું પડતર કિંમતે વિતરણ કરવામાં આવશે. આ વિતરણ કાર્યનો સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં જુસિકા કાર્યાલય ખાતે પ્રારંભ કરવામાં આવ્યો છે.

## સિવિલના પિડીયાટ્રીક વિભાગમાંથી લેપટોપની ચોરી

શહેરની સિવિલ હોસ્પિટલમાં ચોરીના બનાવોમાં ચિંતાજનક વધારો થવા પામ્યો છે. મોબાઈલો, વાહન અને પાકીટોની ચોરીઓ બાદ હવે લેપટોપ ચોરી થવા પામી છે. સે-૪માં રહેતા તુષારા વર્ગીસ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગમાં સ્થિત પિડીયાટ્રીક વિભાગમાં લેપટોપ મુકયું હતું. ત્યારે બપોરે બારી ખોલીને કોઈ શખ્સ લેપટોપની ચોરી કરી ફરાર થઈ ગયું હતું. સે-૭ પોલિસે લેપટોપ ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.



ગાંધીનગરની રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે હેતુથી સે. ૧૩ની આદર્શ નિવાસી શાળાના છાત્રાલય ખાતે આર.ઓ. પ્લાન્ટ ભેટ આપવામાં આવ્યો છે. (તસવીર : દિપક જાની)

# એસબીઆઈ ખાતે ગ્રાહક મિટીંગ યોજાઈ

## શહેર વસાહત મહામંડળે બેંકના ગ્રાહકોને પડતી મુશ્કેલીઓની રજૂઆતો કરી : બેંકના અધિકારીઓએ સૂચનોને સાંભળી પુરી કરવા ખાતરી આપી

ગાંધીનગર, તા.૧

સેકટર-૧૦ સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે ગ્રાહક મિટીંગ યોજાઈ હતી. બેંકના ખાતા ધારકોને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ગાંધીનગર અને એસ.બી.આઈ. સેકટર-૧ દ્વારા ગ્રાહકોને પડતી સમસ્યાઓનું નિરાકરણ લાવવા ગ્રાહક મિટીંગ યોજવામાં આવી હતી. જેમાં વસાહત મંડળના અરૂણ બુચે સિનિયર સિટીજનોની સમસ્યાઓ જણાવી હતી કે બેંકમાં સિનીયર સિટીજનો માટે લીફટની વ્યવસ્થા કરવામાં આવે.

હાલમાં જે લીફટ કાર્યરત છે તે ફકત પ્રથમ માળ સુધી જ લઈ જાય છે ત્યારે ઉપરની ઓફિસનું કાર્ય કરાવવા જવું હોય તો સીડીનો સહારો લેવો પડે છે. વયોવૃધ્ધ નાગરિકોને સીડી ચડતા ચક્કર આવી જાય છે.

બેંક દ્વારા એફ.ડી.આર.માં ઓટો રિન્યુઅલ સિસ્ટમ શરૂ થઈ જાય છે જે ગ્રાહકોની પુછપરછ કર્યા બાદ ચાલુ કરવું. પેન્શન માટે લાંબી લાંબી કતારોમાં ઉભા રહેવું પડે છે ત્યારે સિનિયર સિટિજન માટે અલગ કાઉન્ટર ફાળવવા જણાવવામાં આવ્યું હતું.

મિટીંગમાં સ્ટેટ બેંકના એજીએમ મૃદારાજુ અને પિનાકીન બ્રહ્મભટ્ટ મેનેજર હર્ષદ ગાંધીએ સમસ્યાઓનું સમાધાન લાવવામાં આવશે તેવી ખાતરી આપી હતી. બેઠકમાં મહામંડળ તરફથી જયોતિન્દ્ર દવે, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, એમ.સી. નાયર, બી.એ. શુકલએ ધારદાર રજૂઆતો કરી હતી.

# કલોલમાં ગૌરવ દિનની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૧







ગુજરાત રાજયના સ્થાપના દિનની ઉજવણી આજરોજ ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ધામધૂમથી કરવામાં આવી હતી. કલોલના કે.આઈ.આર.સી કેમ્પસ ખાતે રાજયના સ્થાપના દિન નિમિત્તે યોજાયેલ સમારંભમાં ઉપસ્થિત મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ સર્વેને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવ્યા હતા. તેમજ નાના ભુલકાઓ અને શાળા કોલેજોના વિધાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોએ સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમારંભમાં ઉપસથિત લોકોમાં રાજયના સ્થાપના દિનની ઉજવણીમાં સહભાગી થવાનો અનેરો આનંદ જોવા મળતો હતો.આજે સવારના કલોલ સહિત માણસા, દહેગામ, પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ લાવવા રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગઈકાલ રાત્રે સમગ્ર કલોલ શહેર રોશનીથી ઝગમગી ઉઠ્યું હતું.

આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજયની અલગ સ્થાપના કરવાની લડતમાં અને દેશની આઝાદી માટે સુકાન સંભાળનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ સહિત અનેક નામી-અનામી મહાનુભાવોને યાદ કરીને તેમને શ્રધ્ધાજંલિ અર્પી હતી. તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભૂમિ સંતો મહંતો અને આધ્યાત્મિકતાની ભૂમિ છે અને રાજયનો સાંસ્કૃતિક વારસો અને ગુજરાતીઓની વેપાર ક્ષેત્રની છબી પણ ગજબની છે. આજનો દિવસ ગુજરાતી હોવાનો ગૌરવ અપાવે છે અને સાથે સાથે દરેક ગુજરાતી માટે ગૌરવશાળી દિવસ છે. રાજયના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયના સ્થાપના દિનની ઉજવણી ગાંધીનગર અને અન્ય રાજયના મોટા શહેર પૂરતી સીમિત ન રાખતા આજના દિનની ઉજવણી જિલ્લે જિલ્લે કરવાનો આરંભ કર્યો છે. જેના થકી દરેક ગુજરાતી પોતાના રાજયના સ્થાપના દિનની ઉજવણીમાં સહભાગી થઈ શકે.

આ પ્રસંગે કલોલ નગરપાલિકા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ બાવરિયાએ ગુજરાતના વિકાસની હરણફાળ અને મોડેલ સ્ટેટ તરીકે નમુનેદાર કામગીરી અંગેનું પ્રવચન આપ્યું હતું. જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધી કલોલ પ્રાંત અધિકારી શ્રી પાડલિયાએ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, કે.આઈ.આર.સીના ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય શ્રી અતુલભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એમ.ભીમજીયાણી, જિલ્લા પોલીસ વડા શ્રી વાઘેલા, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ સહિત અનેક પદાધિકારીશ્રીઓ, મહાનુભાવો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહ્યા હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭

સૂર્યાસ્ત : ૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૧૭ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**

જય હો ડેમોક્રસી : ૯.૪૫

બેયાર : ૧૨.૦૦

ધરમ સંકટ મેં : ૩.૦૦

કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**

ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**

એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦

એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦

મિ.એક્સ : ૫.૧૫

માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫

ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. સામાજિકક્ષેત્રમાં સફળતાનો યોગ. ધાર્મિક સત્સંગ થઈ શકશે.

**વૃષભ** : આર્થિક સ્ત્રોતમાં વૃદ્ધિના કાર્ય થશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**કર્ક** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠામાં વધારો થશે. ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશનો યોગ બનશે.

**કન્યા** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સામાજિ કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીની સ્થિતિ મજબૂત રહેશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રામાભાઈ કાળાભાઈ વાઘેલા (ઉ.વ.૬૦) મુ. ધરમપુર (ભૂંડીયા) તા.જી. ગાંધીનગર
- સ્વ. પરમાર કરશનભાઈ દેવાભાઈ (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૪૨૮/૨, સેકટર-૩સી, ગાંધીનગર
- સ્વ. પીંકીબેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૧૫) મુ. કુબેરનગર, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પટેલ દિલીપભાઈ વિજેન્દ્રભાઈ (ઉ.વ.૬૫) મુ. ચીલોડા, તા.જી. ગાંધીનગર